# Bi 121-OLD TESTAMENT

## પાઠ ૨ : આદમ અને હવા (ઉત્પત્તિ અધ્યાય-૨)

આજનાં અભ્યાસ દવારા તમે શીખશો કે, પ્રથમ પુરૂષ તથા પ્રથમ સ્ત્રી, કેવી રીતે અસ્તીત્વમાં આવ્યા. આદમ અને હવાને ઈશ્વરનાં બાળકો તરીકે બનાવવામાં આવ્યા હતા. તમે એ પણ જોશો કે, તેઓનું પ્રથમ ઘર કયુ હતુ. હાલનાં તબકકે પૃથ્વી પરનાં તમામ જીવોનાં તેઓ આદિ માતાપિતા છે. ઈશ્વરે આ પ્રથમ જોડાને એકમાત્ર આજ્ઞા માનવાનું કહય઼ હતુ. આ તેમણે એટલા માટે કર્યું કે ઈશ્વર તેઓને ખુબ પ્રેમ કરતા હતા, અને તેમની સાથે સારી સંગતી રાખવા માંગતા હતા. જયારે પૃથ્વીની રચના કરી તે વિશે વિચારો. દરેક વસ્તુ સુંદર તથા ખામી વગરની હતી. ઈશ્વરે વરસાદને પૃથ્વી પર વરસવાની આજ્ઞા આપી ન હતી કેમકે, દરેક દિવસને પાણી આપવા સારૂ દિવસે ઓસ પડતુ. 'એદન' નામની જગ્યા પર ઈશ્વરે બગીચાની રચના કરી. હાલનાં વિદ્વાનો માને છે કે, તે હાલનું ઈરાક છે. તેમાં દરેક પ્રકારનાં વૃક્ષો ઉગે છે અને તેને પાણી પાવા સારૂ નદીઓ હતી. વાડોનાં વચ્ચેનાં ભાગમાં બે ખાસ વૃક્ષો હતા. જેમાંનું એક જીવનનું વૃક્ષ જયારે બીજ઼ ભલુ ભુંડુ જાણવાનું વૃક્ષ હતા. ઈશ્વરે વાડીને દરેક પ્રકારનાં વૃક્ષો તથા પ્રાણીઓથી ભરી દીધી હતી. ઈશ્વરે બનાવેલી રચનાનો સમાવેશ તે મોટી જગ્યાઓ માં થઈ ગયો હતો. ઈશ્વરે તેમાંથી માટી લીધી અને પ્રથમ માણસની રચના કરી, તેનાં નસકોરામાં જીવનનો શ્વાસ મુકયો. અને એમ માણસ સજીવ પ્રાણી થયુ. ઈશ્વરે પુરૂષને 'આદમ' નામ આપ્યુ. ઈશ્વરે આદમને વાડીમાં મુકયો કે જેથી તે તેમાં કામ કરે અને તેની સંભાળ લે. વાડીમાંનાં વૃક્ષો સુંદર હતા અને ખાવામાં સ્વાદીષ્ટ હતા. પણ દેવે કહયું, "તમે કોઈ પણ વૃક્ષમાંથી ફળો ખાઓ; પરંતુ વચ્ચે રાખવામાં આવેલા ભલુ ભુંડુ જાણનાર વૃક્ષનું ફળ તમારે ખાવુ નહિ. તમારે ચોકકસપણે તે ખાવુ નહિ. જે દિવસે તમે તે ખાસો તે દિવસે તમે મૃત્યુ પામશો."

ત્યાર પછી ઈશ્વર, દરેક પ્રાણીઓ અને પક્ષીઓને આદમ પાસે લાવ્યા કે જેથીતે તેને નામ આપે. અને આદમે દરેકને જોઈને દરેક જીવંત રચનાને નામ આપ્યુ. જયારે તે નામ આપતો હતો ત્યારે તેણે જોયુ કે દરેક જીવ નર અને માદા, એમ જોડીમાં આવે છે આથી તેણે પોતાની આસપાસ જોયુ અને નોંધ્યુ કે તેનાં માટે સ્ત્રી ન હતી. અને "ઈશ્વરે કહયું, "માણસ એકલો રહે તે સારૂ નથી. હું તેને માટે એક સહાયકારી સૃજાવીશ કે જે તેની સાથે રહે." દેવે આદમને ભરઉંઘમાં નાંખ્યો અને આદમની પાંસળી લઈને તેમાંથી સ્ત્રીની રચના કરી. જયારે આદમ જાગ્યો ત્યારે ઈશ્વર તે સ્ત્રીને તેની પાસે લઈ આવ્યા. અને આદમે કહયું -"આ મારૂ હાડકામાંનું હાડકુ તથા માંસ માંનું માંસ છ. તેને સ્ત્રી કહેવામાં આવશે કેમકે તે પુરુષમાંથી

લીધેલી છે." આ કારણથી માણસ પોતાનાં માં-બાપને છોડીને પોતાની પત્ની સાથે સંબંધ બનાવે છે અને તેઓ એક શરીર બને છે. હવેથી તેઓ બે નથી પણ એક જ છે. અને જેણે તેઓને જોડયા છેતેને કોઈ માણસે કદિ તોડવું નહિ (માર્ક ૧૦:૬-૯) તેઓ બંને નાગા હતા પરંતુ શરમાતા ન હતા.

આ અભ્યાસ મહત્વનો એટલા માટે છે કે, ઈશ્વરે માણસને રહેવા માટે સંપૂર્ણ જગ્યા બનાવી હતી. આદમ અને હવા આ વાર્તાની મધ્યમાં છે. આ જગ્યાએ તેઓને આધિન થવા અથવા અનઆજ્ઞાકિત થવા પસંદગી કરવાની હતી. પહેલો પાઠ ઈશ્વરનાં પૃથ્વી સાથેનાં સંબંધો દર્શાવે છે. જયારે આ અભ્યાસ માણસો સાથે ઈશ્વરનો સંબધ દર્શાવે છે. ઈશ્વરે માણસને જીવન આપ્યુ છે કે જે પ્રાણીઓ કરતા જુદુ છ. કેમકે ઈશ્વરે આદમ અને હવાને પોતાનાં સ્વરૂપ પ્રમાણે બનાવ્યા. તેણે પુરુષ અને સ્ત્રીને એવી રીતે બનાવ્યા કે જેથી તેઓ ઈશ્વરને દર્શાવે. આદમ અને હવામાં ઈશ્વરનાં ગુણધર્મો દેખાય છે. બંનેને ઈશ્વરની પ્રતિમા પ્રમાણે બનાવવામાં આવ્યા. ઈશ્વર આત્મા છે જે સામાન્ય જીવ કરતાં ઉંચી હસ્તી દર્શાવે છે. આ બાબતનો વધુ અભ્યાસ તેમજ ઈશ્વરનું નામ તથા તેમનો સ્વભાવ જયારે આપણે "ઈશ્વરની યોજનાઓ" એ અભ્યાસ કરીશું ત્યારે જોઈશું.

આ અભ્યાસની મુખ્ય સચ્ચાઈ એ છે કે ઈશ્વર ચાહે છે કે તઓ પોતાનાં બાળકો ને ખુબ પ્રેમ કરે અને તેનાં બાળકો પણ ઈશ્વરને પ્રેમ કરે. ઈશ્વરે આદમ અને હવાને માટે રહેવા સારૂ સંપૂર્ણ સ્થાન બનાવ્યુ હતુ જેથી તેઓ તેમને તેમનો પ્રેમ તથા તેમની મહાનતા દર્શાવે.

ચાલો આપણે પુનરાવર્તન કરીએ.

પ્ર. ૧ ઈશ્વરનાં કયા કાર્ય થકી આદમમાં જીવનનો સંચાર થયો ?

(જ) (૮ સેકંડ માટે વિચારો) જો તમે કહો છો કે - "તેમણે (ઈશ્વરે) તેનાં નશકોરામાં શ્વાસ ફુંકયો"- તો તમે સાચા છો.

પ્ર.૨ આદમને જે વૃક્ષનું ફળ ખાવાનું ન હતુ તે વૃક્ષનું નામ આપો.

(જ) (૮ સેકંડ માટે વિચારો) જો તમે કહો છો કે - તે ભલુભુંડુ જાણવાનું વૃક્ષ હતું તો - તમે સાચા છો.

પ્ર.૩ શા માટે માણસે તેનાં માતાપિતાને છોડીને જીવન વિતાવવાનું છે.

(જ) (૮ સેકંડ માટે વિચારો) જો તમે કહો છો કે - ઈશ્વરનો હેતુ હતો કે પુરુષ તેની સ્ત્રી સાથે રહીને એક નવુ કુટુંબ બનાવે - તો તમે સાચા છો. (માર્ક ૧૦:૭ વાંચો).

આ અભ્યાસને તમે ત્રણ વખત સાંભળો તે તમારૂ ગૃહકાર્ય છે. તમારા મનથી દરેક

પ્રસંગો વિચારો ત્યાર બાદ જે તમને યાદ રહયુ તે તમારા શબ્દોમાં વર્ણવો. આ ઘટનાઓ અને બનાવોને સાચી રીતે બીજાને કહી શકો ત્યાં સુધી બરાબર સાંભળો. લગભગ ૪૫ મિનિટ સુધી આ સાંભળવાનું રાખો. તમે કોઈક વ્યક્તિને આ બાબત કહીશકો માટે બીજા વ્યક્તિની તમને જરૂરત પડશે. પુનરાવર્તનનાં પ્રશ્નો તમારા મિત્રોને પુછવાનું અને આ સાંભળ્યા પછી તેમના જવાબો આપો. આ ઘટના તમારા મિત્ર સાથે વર્ણવી તેમનાં ઈશ્વર સાથેનાં સંબંધ વિશે પુછો. તેમને પ્રાર્થના કરવા આમંત્રણ આપો.